00047993

R
491.832
Asa/pah
47993

00047993

Digitized with financial assistance from

H T Parekh FOUNDATION

An Initiative by HDFC WITH YOU, RIGHT THROUGH

on 15 October, 2018

PAHLAVI, GUJARĀTI AND ENGLISH DICTIONARY.

JAMASPJI DASTUR MINOCHEHERJI JAMASP ASANA,

FELLOW OF THE UNIVERSITY OF BOMBAY, AND

MEMBER OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY.

47933

ac

VOLUME III.

Axd 41

A. Y. 1251. A. C. 1882.

Ref:- 491.4732
R 491.532
Asa/Pah
47993

BOMBAY:
PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

પેહેલવી-ગુજરાતી અને ઈંગ્રેજી શબ્દકોષ.

રચનાર,

જામાસ્પજી દસ્તુર મીનોચેહેરજી જામાસ્પ આસાના,

મુંબઈની યુનીવરસીટીનાં ફેલો, અને મુંબઈની રાયલ એસી-
આટીક સોસાઈટીના મેમ્બર.

દફતર ૩ જું.

સને ૧૨૫૧ યજદજરદી. સને ૧૮૮૨ ઈસવી.

મુંબઈ—જેહાંગીર બેજનજી કરાંની
ના૦ ૧૮, પારસી બજાર.

લંડન—મીસીઅરસ ત્રુબનરની કુંપની,
૫૭ અને ૫૯, લદગેત હીલ.

(તરજુમો કરવાનો તથા બીજા સર્વે હક્કો ગ્રંથકર્તાએ પોતાને સ્વાધીન રાખેલા છે.)

મુંબઈ મધ્યે
એજ્યુકેશન સોસાઈટીનાં છાપખાનામાં છપાવી પ્રગટ કર્યું છે.

OPINIONS ON THE WORK AFTER THE PUBLICATION OF ITS SECOND VOLUME.

Pahlavi, Gujarati and English Dictionary, Vols. I. and II. By JAMASPJI DASTUR MINOCHEHERJI JAMASP ASANA.

(*Deccan Herald*, June 10, 1879)

We have the pleasure to acknowledge receipt of the Pahlavi, Gujarati and English Dictionary, the work of Mr. Jamaspjee Dastur Minocheherjee Jamasp Asana. Pahlvi scholars will doubtless be glad to welcome this book as a very great aid to them in their studies. The Parsis are not far behind in the work, which has been so attractive to Danish and German students of Oriental literature. The importance of such a work has long been felt, and we are glad to notice that this help to the Oriental student has now been furnished. It will be useful to Europeans, as the meanings are given both in Gujarati and English. The peculiarities of the language have been very carefully explained. In the body of the work the words are arranged in their phonetic rendering into Gujarati and English, and then their meaning is given. The Pahlavi language is the most ancient and difficult of all the languages spoken in Persia, though many recent words are derived from the Avesta, Sanscrit, and other languages. This book will be exceedingly useful to every Pahlavi student, and we trust it will be well patronized by students generally in Western India.

(*Indian Daily News*, June 18, 1879.)

There are some languages that are called dead, which yet live, there are some dying that can well be spared, and there would be some advantage if some that are dying could be helped in the process. There would be a gain to mankind if humanity could approach a little nearer to unity of speech, and the Babel of tongues be reduced once more to harmony. It will always happen, however, that as threatened men live long, threatened languages will die hard. The tendency to extinction as regards the Welsh tongue roused the patriotic fire of the people, and to preserve their distinctness as a people, they immediately set to work to cultivate the Welsh language,

and gave prizes for Welsh songs and books. Whether they will be able to preserve their language for popular use is doubtful in this age of Board Schools. No doubt it was similar inspiration that led Jamaspjee Minocheherji Dastur to compile a Pahlavi, Gujarati, and English Dictionary. The work seems to have been undertaken in the same spirit, and the second volume has just been published. The language is quite strange to people on this side of India, and we cannot pretend to give any critical notice of it. We may observe, however, the first volume was highly spoken of by Oriental authorities; and scholars and students of the language will doubtless find it a useful and acceptable work.

(*Madras Athenæum and Daily News*, June 20, 1879.)

We have received a copy of the above work which is published at the Education Society's Press, Byculla. It is beautifully printed and well got up, and reflects great credit on the publishers. It has been compiled by Jamaspji Dastur Minocheherji Jamasp Asana, a Fellow of the University of Bombay and a Member of the Bombay Branch of the Royal Asiatic Society. We do not profess to be acquainted with the Pahlvi and Gujarati languages, and have therefore referred the work to a native scholar in Madras, a graduate of the University, whose opinion we give below. The author tells us in his preliminary note "that owing to the study of the language having been almost abandoned by the people, and to the negligence and unwillingness of its teachers in imparting its knowledge to some praiseworthy few who desire to penetrate the mysteries of their ancient tongue, it has day by day sunk into obscurity, and finally has become almost obliterated." It appears that the work was designed and commenced by the author's father, whose death made it incumbent on the son to complete it. Several individuals, including the late Dr. Wilson, appear to have taken much interest in its compilation, and to have rendered some assistance to the compiler, who is afraid that several errors may have crept into the work, as it is the first attempt of its kind. The native gentleman to whom we showed the work says that it is conscientiously compiled, and as a book of reference it should be received with favour in the Gujarati country, where it is likely to prove a useful and explanatory guide, both to classical students and to the boys in public schools in Bombay as well as to ordinary readers and men of business in that Presidency.

(*Bombay Review and Daily Advertiser*, June 28, 1879.)

We have before us a work which has been too long needed not to meet with a cordial welcome; for though the learned Dastur may have left something to be desired from a scientific point of view, his book cannot fail to be of immense value to all who aspire to a practical knowledge of the Pahlavi tongue. In order to form an idea of the advantage accruing to students by the publication of a work of this description, it must be remembered that the Pahlavi language, though generally written in a character very similar to its parent, the Zend, has, by a traditional system of abbreviation, come to contain a vast number of words only symbolically represented. To illustrate this by an example, it is enough to open the Dictionary at the first page, where we find the Zend form of the letter *ă* used in Pahlavi as the eqivalent of the Zend sounds *ă*, *ā*, *i. e.*, *kha* and *ha*; and glancing down the following pages we find this single symbol employed to represent no less than twenty-five words and prefixes of the most varied nature. Until a few years ago these readings were known only by tradition and by the aid of a few imperfect glossaries, and although Dr. West and the late Dr. Martin Haug laboured in this field, it was without any immediate result, for the former never completed his book and the latter died in the midst of his work. Moreover, it is to be feared, that owing to the small attention bestowed on the study of English and German by the majority of the Parsi priesthood, the works of European scholars would be of little or no use to the very class who would in reality most require their assistance. The learned Dastur has therefore not only bestowed a boon on Oriental scholars as a whole, but has fully doubled the value of his work by giving a full version with the pronunciation, in the Gujarati language, thus rendering the Pahlavi Dictionary perfectly accessible to his own nation.

The lexicography itself appears to be the result of a much more extensive perusal of Pahlavi works than is usually possible, and the compiler has had access to many rich private libraries; so that in all probability his work contains a larger number of words than a European scholar would have been able to collect. It seems to us a matter to be regretted that the references to the authorities have been given only in a limited number of instances, though the author tells us that this has been done wherever the meaning of a word

appeared to him doubtful. It must indeed be evident to scholars that, by a more copious quotation of the sources used, the Dictionary, though essentially a popular work chiefly designed for the use of the Parsis themselves, would make a valuable foundation upon which to construct a more elaborate and scientific work.

The author, in his preliminary note, makes a brief statement of the system he has followed, which is an excellent one; indeed it is impossible to overrate the advantages gained by an alphabetical arrangement of the Pahalvi words according to their initial symbols, independently of their pronunciation . . . . As a popular and reliable guide and assistant to the native student Dastur Jamaspji Minocheherji's Dictionary stands alone, while to the European scholar it will prove itself to be of the greatest value in any future attempt to compile a thoroughly scientific Pahalvi Lexicon.

(*The Contemporary Review*, October, 1879.)

A *Pahlavi Dictionary*, by Dastur Jamaspji Minocheherji Jamasp Asana, of which the first two volumes have just appeared (London, Trübner & Co., 1879), supplies a want long felt by students of the old Persian speech. Pahlavi is the name applied to the old Persian tongue, and more particularly to that phase of it which was spoken during the reigns of the Sassanian kings. It is of great interest to the philologist, inasmuch as it contains a large admixture of Semitic words, derived, however, from a different source than the Arabic element in modern Persian, and appears to be akin to the Assyrian. . . . . Dastur Jamaspji Asana interprets the word *Huzvaresh* to mean the "language of Assyria"—a suggestion which, if correct, throws some light on the origin of the language. The etymology of the word Pahlavi has been the subject of much discussion, but the latest as well as the most reasonable conjecture is that of Dr. Haug (followed by the author of this Dictionary), that it is identical with *Parthva,* the Parthia of the classical writers; the most warlike and important nation having given its name to the language, just as the province of Pars has given the name to the language of modern Iran. The great difficulty in compiling such a Dictionary as the present, apart from the unsatisfactory nature of the available texts, is that the alphabet is so very vague and confused. The language

contains a very great number of sounds which the alphabet, borrowed from the Semitic, is incapable of expressing; the same letter, therefore, is often used for different sounds, and combinations of the various letters again often express simple sounds. This makes the arrangement very difficult, but the author of this work has adopted the only safe method—that of arranging the words according to the alphabetical order of the letters rather than in order of sounds. A table, in which the various combinations of the letters are explained, also much simplifies reference. The author has in all cases followed the traditional reading and interpretation of words, leaving to the more critical scholars of Europe the task of investigating them from a scientific point of view.

(*Native Opinion*, June, 1879.)

The second volume of this valuable work, compiled by Mr. Jamaspji Dastur Minocheherji Jamasp Asana, Fellow of the Bombay University and Member of the Bombay Branch of the Royal Asiatic Society, is now before the public. It continues the Dictionary from page 169 to page 440 in the same painstaking, detailed and instructive manner which had been pursued in the first volume in four different characters and languages; a peculiarity which alone is calculated to impart to this Dictionary a marked pre-eminence over any other hitherto published work. The opinions of the late Professor Westergaard, of Dr. Haug, as well as of the living scholars, such as Darmesteter, West, &c. prefixed to this volume are of more weight than anything we could say of its value, so that we may be excused for not adding our poor eulogy. The clearness of the various types used is conspicuous and the paper good, which external recommendations will also contribute to enhance the intrinsic worth of the book to students.

From a private letter dated January 26, 1880, from Dr. Wilh. Geiger, Professor of Oriental Languages at the University of Erlangen (Germany).

. . . . . . I am quite of the same opinion as our authorities—West, Darmesteter, &c., who find your Dictionary to be of great value and advantage to all people studying the Pahlavi. The thing I especially appreciate is your arrangement of the words, by their signs and not by their sound; in a similar way as West has done it in his capital Dictionary to Arda Viraf Nameh. By this way your

Pahlavi Dictionary has become a valuable and quite indispensable book. At the same time you have opened to your learned men fresh resources, so far unknown to them, smoothing especially many disputes with regard to the Ritualism. . . . .

Accept, dear Sir, my best thanks for having sent to me your valuable work. You may be sure that I use it constantly in my studies, and that I take it for a great honour to have made your acquaintance in this way. I am convinced that, especially by working together (the Parsee and European learned men), the investigations of your religious and the sacred documents of the old Iranian nation will be more and more brought to perfection. . . . . .

Yours, &c.

DR. WILH. GËIGER.

Translation of a Review of the second part of Pahlavi Dictionary written in the "Revue Critique" of 31*st May*–1880, *by Dr. James Darmesteter, Professor of Iranian Languages at Paris.*

The learned Dastur Jamaspji has now published the second part of his Pahlavi Dictionary, (see the review of the first part in the *Revue Critique* of 15th September 1877), in which he takes us as far as the group *ash.* For this part we have to repeat the same remarks that we said for the previous one. . . . .
When this work will be finished the Pahlavi scholars will have an immense material. At first it may not have been easy for them to find everything in it, but they will surely find a great deal at last. We unfortunately learn that it is very improbable that it would be finished. The third volume is in the press, but it is to be feared that this would be the last. The times have been hard at Bombay it appears, and the subscribers of the Dastur seem to withdraw their promises. The subscription of the English Government is not sufficient to cover its expenses. We hope that the fellow countrymen of Mr. Jamaspji will come to better feelings, more in keeping with the commandments of Vendidad and with the interests of that beautiful and great Zoroastrian literature of which they have the sacred trust, because the subscription is in fact a kind of contract of the kind *Zasta marshto Mithra* () and is not less sacred, and it would be unworthy on the part of the intelligent

community of Bombay to neglect and lose by its lethargy the treasures which are bequeathed to them by their ancestors. Should they mind spending a few rupees every year? The work of their learned Dastur will for a great part contribute to make the word of Zoroaster and the good law of Mazda better understood in the whole of Europe, as they have before them such a prosperous wealth. What would the soul of Sir Jamsetji Jijibhoy say in the Gurothman?

JAMES DARMESTETER.

Translation of the Review of the Second Part of the Pahlavi Dictionary written in a German periodical called "Das Literarische Centralblatt," of June 1880.

It is the want of a clerical hand-book, which makes the study of the Pahlavi Literature so very difficult. It is true we have a few special Dictionaries, such as Arda Viraf of West, and the Bundehesh of Justi; but a Dictionary of the whole literature, containing especially the translations of the Avesta, has always been a great necessity for all Iranists. For this reason we may well express our joy, that the learned Parsee Priest Jamaspji, whose knowledge in the Pahlavi literature surpasses by far all Europeans, has continued and finished the great work of the Pahlavi Dictionary, begun by his father.

This Dictionary contains 440 pages, about 4,000 words, written in original types, as well as in Gujarati and Roman letters, with their meaning in the Gujarati and the English languages. The whole book is arranged in the same way as Dr. West's Dictionary of Arda Viraf; the last word of the 2nd volume being *áshuftan*. . . . .

We sincerely hope that this Dictionary will progress more and more; it will certainly meet with great success. . . . . . . A certain number of letters, just printed, prove that the completion of this Dictionary is looked for with interest by all learned men.

Translation of a Review by Dr. C. DE HARLEZ, of the University of Louvain (Belgium), in the *Bulletin Critique* of 1st January 1881.

. . . . The religious books of the ancient Persians and of the Zoroastrians of the posterior times are still in obscurity. A complete Dictionary of the Pahlavi language is one of the principal

desiderata of Oriental science. Certainly there are some special lexicons explaining certain texts; but a complete glossary of the language has not yet been compiled. It is therefore very satisfactory that a Zoroastrian priest, a Dastur of Gujarat, has undertaken this work so difficult and important.

It is evidently not a long time since Europe taught India to understand its religious books. The Indian Parsis, instructed by our great masters, have taken the lead in their turn, and are now the pioneers of science. But their zeal could only be admired chiefly because a religious sentiment and some opinion of their faith instigates them.

It was therefore with a lively sympathy that the commencement of the work of Dastur Jamaspji Minocheherji was received. Two volumes of the Pahlavi Dictionary are already published, notwithstanding the material difficulties which detained our author up to this moment. We sincerely hope that his work may be brought to a successful end.

Although the method of the author is not that of European science, yet his book constitutes a collection of the most precious materials. Dastur Jamaspji Minocheherji was perfectly prepared for the execution of this great work. He possesses numerous Pahlavi works and manuscripts, several of which were yet unexplored; he has studied them thoroughly; and knows the whole of the contents. His work is received with great favour, as could be seen from the Introduction of the 2nd volume, where the opinions of some princes of European science are given. In fact we see among them the editors of our principal reviews: West in the *Academy*, Angelo de Gubernatis in the *Bulletino*, Ferd. Justi in the *Bibliographisches Anzeigen*, and Haug in his *Essays*.

In his preliminary notes he first gives the explanation of his method of compilation, on reading which the student must engrave it in mind if he wishes to profit by the use of the book. . . . . It is sufficient for us to say that the work of the author has all the characters of a true scholarship, and that it will render good service to Oriental science. Everybody like us will wish that it may be finished soon, and will be thankful to its talented author for his efforts and his services.

C. DE HARLEZ.

(*Revue Critique Internationale, of April,* 1881.)

When a report of the two first volumes of this important work was published, the learned author informed us that the third part is on the point of appearing. We content ourselves to-day to communicate to our readers this excellent new hope that the third volume will be obtained by us.

A complete Pahlavi dictionary is certainly one of the principal desiderata of the Oriental science; many parts of the version of the Avesta and some other books of the Parsis are yet obscure, and consequently many Pahlavi words are left unexplained and also cannot be read with certainty. The learned head of the Dasturs of Bombay is one of the scholars, the best prepared to bring to a good end this difficult enterprise. He possesses numerous manuscripts, several of which have not yet been explored by any one but him, and he is the sole inheritor of books of his father who left behind him an illustrious name in the learned world. He is wholly destined to accomplish the commenced monument. The most distinguished Iranists—as West, Haug, Justi, and Westergaard—have given their unanimous eulogies to the first volume of the Pahlavi Dictionary. We cannot but associate ourselves with it, and wish the most happy success to the work of the learned Dastur.

(*From a private letter dated* 2*nd December* 1881 *from* Dr. MEURIN, *Roman Catholic Bishop of Bombay.*)

"The *Pahlavi Dictionary* is undoubtedly of the greatest and, indeed, of an everlasting importance, and for which the scientific world is highly indebted to you."

(Translation of an article from the *Journal Asiatique of* 1881.)

A complete Dictionary of the Pahlavi of the Persian books is still one of the principal desiderata of the Oriental science. It exists well in the form of special lexicons, explaining the texts of certain books in particular, such as the Pandnameh, the Ardaviraf Nameh, the Goshte Farian and of certain fragments, such as are given in the second volume of the "Traditional Literature of the Parsis" by Spiegel, and our "Pahlavi Manual," but a complete one of the

language has not yet been attempted, and arranged in order. Many important books are, therefore, in some measure obscure up to this time. It was therefore with a lively satisfaction that European savants learnt that a Zoroastrian priest, a Dastur of Gujarat, had undertaken this task, equally difficult and important. They now see that the time when Europe taught the Indian Zoroastrians to understand their religious books has passed away. The Indian Parsis, instructed by our own qualified masters, have taken the lead in their turn, and the science will be soon indebted to them for the remarkable progress.

Amongst the books destined to favour this progress we can mention the Pahlavi Dictionary of the Chief Dastur of Bombay. His rank as a Fellow of the University of Bombay already tells us that we have to do with a man of science.

It will not at all be astonishing, therefore, for the favour with which the commencement of the work of Dastur Jamaspji Minocheherji was received. The author was besides perfectly able for the execution of this great work. He possesses a rich library and precious manuscripts, several of which are still unknown to Europe. He has managed to turn his literary riches to good account. The savants of India as well as of Europe are pleased to give their unanimous eulogium to this new Dictionary. The reviews taken by Drs. West, Justi, Angelo de Gubernatis, Haug, and Westergaard are to be found in the Introduction of the 2nd volume. It is also with profound surprise that we have learnt that this interesting work is threatened to be interrupted by want of perseverance of its supporters It would do honour to the Indian Government if it should take such means as could bring the work to a successful end—the learned Europeans would certainly co-operate with all the power that lies in them.

In the beginning of his work, Dastur Jamaspji Minocheherji gives some indications relating to the alphabetical order adopted in the Dictionary. It is not at all an easy thing to arrange the Pahlavi words in such an order as could make the reference easy. The author, according to our notion, has followed here the most wise plan, and it is likewise what we are resolved upon. He has only taken into account the form of letters—the scholar has thus an assured guide. In the arrangement of letters the author has followed, contrary to the adopted usage, the linguistic order (order relating to the Science of

Language), placing first the vowels, then the gutterals, palatals, dentals, &c., following. The Dictionary of the Dasturan Dastur of Bombay will certainly be a rich thesaurus of the Zend (Pahlvi) language, and the most precious assistance for the Iranists. Numerous are the words for which one could vainly search in the usual lexicons printed as well as unprinted. With a modesty which honours him greatly, the author recognizes how it is easy to be misled in a work of this kind, undertaken for the first time, and he begs of his readers to point him out his errors. He has tried to rectify the readings adopted by his co-religionists, and has, for this purpose, very much compared them with the system adopted in Europe. However, we think, it would have been better if he had followed it completely. . . . . . . The Introduction, which is not at all without scientific value, treats of the Pahlavi language and of the signification of the words *Pahlavi* and *Huzvâresh*. The author naturally follows the Zoroastrian and Avestic traditions—he takes the origin of the language from the Kayanian and the Peshdadian Kings. We are not to discuss here the questions of this kind which only indirectly concern the Dictionary. Everybody like us would wish that the learned Dastur may be able to finish the work soon, and will eagerly recognize the services which it would render to the science. We have learnt that he has been able to overcome the difficulties which retarded his publication, and that the third volume of the Pahlavi Dictionary is now on the point of appearing.

આગ્એ પુસ્તકનો બીજો ભાગ છપાઈ બાહેર પડીઆ પછી તે ઉપર અપાયલાં મતો.

પહેલવી-ગુજરાતી અને ઇંગ્રેજી શબ્દ કોષ, ભાગ ૧લો અને ૨ જો, રચનાર દસ્તુર જામાંસ્પજી મીનોચેહરજી જામાસ્પ આસાના.

જામેજમશેદ—તા૦ ૧૧ મી જુન ૧૮૭૯.

પેહલવી જેવી પુરાણી અને મરણ પામેલી ભાષાને શજીવન કરનારા તથા એવી એક ભાષાનો શબ્દ કોષ બનાવનારા તરીકે દશતુરજી શાહેબ જામાશપજી મીનોચેહેરજી જામાશપઆશાનાનું નામ હવે પછીની તવારીખમાં અને અકશાર કરીને જરથોશતી ફીરકામા અમરગ રેહેશે. દશતુરજી શાહેબનું આ બીજું વાલમ માન શહીત સ્વીકારતાં હમોને તેમની તારીફમાં થોડાક શબ્દો લખવાની ફરજ પડેછે. આ પુશતક બનાવવામાં તેમને જર અને જેહેમત બેનો મોટો ખરચ કરવો પડતો હશે, એવું એ પુશતક હાથમાં લેતાંજ વાચનારને જહત માલમ પડી આવેછે. આ પુશતકની તારીફ હમો પોતેજ કરીએછે એમ નથી, બીજાં વરતમાન પતરોએજ કરીછે એમ નથી, પણ પ્રોફેશર વેશટ, ડાકટર હાઉગ અને જરમનીના બીજા કાબેલ વીદ્વાનો અને જરતોશતી ધરમના અભ્યાશીઓએ કરી છે. એ ગ્રંથ જરથોશતી પુશતકોનાં કેતાબખાનાંને શારી જેબ દેશે એમાંતો કશી નવાઈ નથી. જુની ચોપડીઓ અને બીજાં પુશતકોમાંથી ઉતારા કરી તેને નવી ધપમાં બનાવવાં શેહલ છે, પણ એક મરણ પામેલી બાષાને શજીવન કરી તેનો કોષ બનાવવો કાંઇ શેહલ કામ નથી. દશતુર જામાશજીએ એ કોષના ગુજરાતી શાથ અંગરેજી અરથો પણ આપીઆછે, અને તેથી યુરોપના વીદ્યારથીઓની પણ તેઓએ એક મોટી અગત પુરી પાડીછે. એવણના મરનાર બાવા દશતુરજી શાહેબ મીનોચેરજીનાં પગલાં ઉપર ચાલી તેમનીજ માફક તેઓએ જરથોશતી કોમની શેવા બજાવવી જારી રાખીછે તે જોઈ હમોને આનંદ ઉપજેછે. પોતાના ધંધાના કામથી એવણને ફુરશદ ઘણી થોડી મલતી હશે અને તેનો ઉપીઓગ આવાં એક અગતનાં પણ બીકત કામ પાછલ તેઓએ રાખેલો જોઈ હમો તેવણને મુબારકબાદી આપીએ છીએ તો પણ જરથોશતી ધરમના એક વડા ધરમ ગરૂ તરીકે એવણની ફરજ એવાં કાંમ પાછલ ચીત

લગાડવાની હમો તો શાહમજીએ છીએ. દશતુરજી શાહેબે ઘણાક ભાષણો આપીઆંછે, ધરમ બાબદ ઉપર ઘણાક નીબંધો છપાવીઆછે. અને બીજાં ઘણાં પુશતકો બાહાર પાડીઆંછે તેમાં આ પેહલવી શબ્દ કોષ પેહલી અગત ધરાવનારો છે, એવું હમો કહીએછીએ. તેમનાં પેહલાં વાલમ ઉપર તેઓએ જેટલી અથાગ મેહનત લીધેલી માલમ પડી છે, તેટલીજ આ બીજાં ઉપર પણ એવણે લીધેલી જણાએછે, અને હમો વકી રાખીએછે કે તેવણ તેમનાં બાકીનાં શઘલાં વાલમો ઉપર પણ તેવીજ કાલજીથી મેહનત લઇ એ ભાષાને શમપુરણપણે પરજા અને વીદ્યારથીઓ હજુર મેલવાને પછાત પડશે નહી. એ પુશતકનો શંગરહ કરવા તથા બોંમબે એજીઉકેશન શોશાએટી પરેશ જેવાં મોઘાં છાપખાનામાં શફાઇદાર અને શરશ રીતે છપાવવા પાછલનો તેમનો ખરચ, તથા એ ઉપરની તેમની મેહનત જોતાં એની જે કીમત એઓએ રાખીછે તે હમો નજીવી શાહમજીએછીએ. મુંબઇની, મધરાજની અને ખુદ હીંદુશતાનની શરકારે એ પુશતક ખરીદી દશતુરજીની મેહનતની કદર બુજીછે, અને પારશી કોમે એ પુશતકને જરૂર આશરો આપી તેમનાં ઘરમાં અને પુશતકખાનાંમાં તેને જાલવી રાખવું એવી ભલામણ હમો દરેક જરથોશતી ભાઇને કરીએછીએ. એ કોશના પેહલા વાલમ વીશે જરમનીના ઘણાક કાબેલ વીદ્વાનોએ આપેલાં મત આ બીજાં વાલમમાં આપવામાં આવેલાંછે, અને તે વાંચી જોતાં મોટી ખુશાલીતો એ પેદા થાએછે કે, શરવે કોઇએ એ પુશતકની અગત કબુલ રાખતી વખતે તે ઉપર કશા ટીકા કીધા નથી, અથવા એક પણ ચુક કાહાડી નથી, એજ દશતુરજીની શઘલી કાબેલીઅત બતાવી આપેછે, તથા તેમની મેહનતનો બદલો તેમાં વલેલો દશતુરજી શાહેબ જામાશપજી બેશક શાહમજતા હોવા જોઇએ.

બોંબે ગેજેટ—તા૦ ૧૨ મી જુન ૧૮૭૯.

દસતુર જામાસજી મીનોચેહેરજી જામાસ્પ આશાનાએ બનાવેલા પેહેલવી ગુજરાતી અને ઇંગ્રેજી શબ્દકોષની પોંહોચ હમો ખુશીસાથે સ્વીકારીએ છઇએ. પેહેલવી ભાષાના વીદીઆરથીઓ પોતાના અભ્યાસમાં એક મોટી મદદ તરીકે આએ કેતાબને આવકાર દેવાને બેશક ઘણા ખુશી થશે. પુર્વ દેશની ભાષા જ્ઞાનનાં દેનીશ અને જરમન અભ્યાશીઓનું ધીઆન જે કામપર લાગું છે તે કામમાં પારશીઓ પણ કોઇ રીતે પછાત નથી. એવા એક ગ્રંથની અગત ઘણી મુદત થઇ ચાલતી આવી છે અને હમે જાણીને ખુશી છઇએ જે પુર્વ દેશની ભાષાના અભ્યાશીને એ મદદ હવે પુરી પાડવામાં આવી છે. ગુજરાતી તથા ઇંગ્રેજી ભાષાઓમાં બોલોના અર્થ આપીઆ છે, તેથી યુરોપીઅન વીદ્યાર્થીઓને પણ એ ગ્રંથ કામનો થઇ પડશે. પેહેલવી ભાષાની વીશેષતા એમાં ઘણીજ સંભાલથી સમજાવવામાં

આવેલી છે. એ ગ્રંથમાં બોલોને ઉચ્ચાર પરમાણે ગુજરાતી અને ઇંગ્રેજીમાં ગોઠવીઆ છે અને પછી તેઓના અર્થ આપીઆ છે. પેહેલવી ભાષાના જોકે કેટલાક નવાં બોલો અવસતા, સંસ્કૃત અને બીજી ભાષાપરથી ઉપજાવવામાં આવીઆ છે તોપણ એ ભાષા સઘલી ઇરાની ભાષાઓમાં સરવેથી અસલ અને બીકટ છે. આ એ કેતાબ દરએક પેહેલવી અભ્યાશીને ઘણીજ અગત્યની થશે અને હમે આશા રાખીએ છઇએ જે પશ્ચીમ હિંદુસ્તાનમાંના સઘલા અભ્યાશીઓ તરફથી એને સારો આશારો મલશે.—**દેકન હેરલદ.**

નેટીવ ઓપીનીઅન—તા૦ ૧૫ મી જુન સને ૧૮૭૯.

દસતુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાના, તે મુંબઈની યુનીવરસીટીના ફેલો અને બૉંબે બ્રાંચ રાયલ એશીઆટીક સોસાયટીના એક મેંમબર એવને રચેલા આ એ કીમતી ગ્રંથનો બીજો ભાગ હવે બાહાર પડીઓ છે. જેવી મેહનતથી અને તપસીલવાર અને ઉપદેશ કરીને પેહેલો ભાગ રચીઓ હતો તેજ ધોરણથી ચાર જુદી જુદી લીપી અને ભાષામાં આ એ બીજો ભાગ ૧૬૯ થી ૪૪૦ મા સફેસુધી રચીઓ છે; એકલી એજ વીશેષતાના સબબથી આ એ શબ્દકોષને બીજા કોઈબી આગલ પ્રગટ થયા હોય તેના કરતાં વધારે પ્રસિધ શ્રેષ્ઠપણુ ઘટે છે. મરહુમ પ્રોફેસર વેસતરગાર્ડ અને દાક્તર હાઉગ તેમજ વલી હાલના વીદ્યાર્થીઓ જેવા કે દારમેસતેતર, વેસ્ત વગેરે એ આપેલાં મત જે આ એ દફતરના પેહેલા ભાગમાં આપીઆં છે, તેમતે એ કેતાબની અગત્ય વીશે હમારા કાંઈબી વીચાર કરતાં વધારે વજનદાર છે; એટલા વાસતે હમારી તરફની નાકેશ તારીફ કરી તેમાં વધારો કરતા નથી. એની છપાઈની સફાઇ ઘણી સારી અને પ્રસીધ્ધ છે અને વલી કાગળ ઘણા સારાં વાપરીઆં છે; એવી બાહારની ભલામણથી પણ અભ્યાશીઓની નજરમાં એ ગ્રંથની ખરેખરી કીમતમાં વધારો કરશે.

ઇંડિયન દેલી ન્યુજ—તા૦ ૧૮મી જુન ૧૮૭૯.

કેટલીક ભાષાઓ કે જે મુવેલી સમજવામાં આવે છે તે હજુર જીવતી છે; કેટલીક ભાષાઓ મરતી હોય તેનો બચાવ સારી રીતે થઈ શકે છે અને તેઓમાંની કેટલીકોને મરતી બચાવવામાં જો મદદ મલી શકે તો તેથી કેટલોક ફાયદો છે. માણસજાત પોતાના ભાષણને સેહેજ વધારે નજદીકીથી એક સરખુ કરી શકે અને પોતાની જુદી જુદી વાચાને ફરીથી એકસરખી અને એક સંપ કરે તો તેને ઘણુ ફાયદાકારક છે. તોપણ જેમ બીહીવડાવેલાં માંણસો લાંબી મુદત સુધી જીવે છે તેમ તેવી ભાષાઓનુ મરવું ઈઆ નાબુદ થવું પણ હમેશાં ઘણુ કઠણ છે. વેલશ ભાષા નાબુદ થવા લાગી ત્યારે રઈ-

અતનો સ્વદેશાભીમાની જુસ્સો ઉસકેરાયો, અને પોતાની રઈએત તરીકેની કીર્તી સાચવવા સારૂ તેઓ તરતજ તે ભાષાને પાછી સુધારીને તાજી કરવા અને તે ભાષામાં છાપેલાં ગીત અને બીજી કેતાબો સારૂ ઈનામ આપવા લાગા. તેઓ પોતાની ભાષાને સર્વોપયોગી વપડાસ સારૂ સાચવી શકશે કે નહીં તે વીદ્યાલય સંબંધી હાલના જમાનામાં શક ભરેલું છે. બેશક દસતુર જામાસજી મીનોચેહેરજીએ એવીજ બસારત ઇઆ કલ્પનાથી એક પેહેલવી ગુજરાતી અને ઇંગ્રેજી શબ્દકોષ રચ્યો છે. એવીજ કીમત અને ઉલટથી એ કામ એમને માથે લીધું છે અને એનો બીજો ભાગ હમણાજ છપાઇને બાહાર પડીઓ છે. હિંદુસ્તાનની આએ તરફના લોકોને એ ભાષા તદન અનજાણી છે અને એ વીશે ઘણા બારીકીથી વીચાર આપવાને હમે અશક્ત છઇએ. તોપણ એટલું તો કહી શકીએ છઇએ જે પુર્વદેશાની ભાષાના વીદ્યાર્થીઓએ એ કેતાબના પેહેલા ભાગપર ઘણા શ્રેષ્ઠ અને ઉત્તમમત આપ્યાં છે; અને એ ભાષાના વીદ્યાર્થી અને અભ્યાશીઓને બેશક એક ઘણોજ ઉપયોગી અને પસંદ પડતો ગ્રંથ થશે.

"એથીન્યમ એન્ડ દેલી ન્યુજ"—સુકરવાર, તા૦ ૨૦મી જુન સને ૧૮૭૯

ઉપલી કેતાબ, કે જે એજ્યુકેશન સોસાયટી પ્રેસ, ભાયખલા મધે છપાઇછે, તેની એક નકલ હમુને મલીછે. એની છપાઇ ઘણી સુંદર અને બનાવટ ઘણી સારી છે, તેથી એને છાપી પ્રગટ કરનારાઓને ઘણુ જેબ આપેછે. એ કેતાબ દસતુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાનાએ બનાવીછે, કે જેવન મુંબઇની યુનીવરસીટીના ફેલો, અને બોંબે બ્રેંચ રાઅલ એસીઆતીક સોસાટીના મેંમબર છે. પેહેલવી અને ગુજરાતી ભાષાઓની હમુને માહીતી નહી હોવાના સબબથી હમોએ એ પુસતક મદરાસના એક વીદ્યારથી અને યુનીવરસીટીના ગ્રાજયુએટને સોંપીઉં હતું અને તેવનનુ મત હમો નીચે આપીએ છઇએ. એ કેતાબના બનાવનાર દીબાચામાં એમ લખેછે કે લોકોએ હાલ એ ભાષાનો અભીઆસ ઘણો ખરો છોડીદેવાના સબબથી અને જે થોડાક કીર્તીવાન લોકો જેઓ પોતાની અસલી ભાષાનો ભેદ સમજવાની ખાહેશ રાખેછે તેઓને એ ભાષાનું ગ્નાન આપવાની તેઓના શીક્ષકોની બેદરકારી અને નાખુશીના સબબથી એ ભાષા દહાડે દહાડે અંધારામાં ડુબી જવા માંડીછે અને સેવટે નજદીક મર્દુદ થઈ પડીછે. એ ગ્રંથ એના બનાવનારના બાવાએ પહેલ વેહેલું શુરૂ કીધું હતું, પણ તેવનના મરણથી એને સંપુર્ણ કરવાની ફરજ તેવનના પુત્ર ઉપર ઉતરી છે. એ કેતાબની બનાવટમાં ઘણા એક સાહેબોએ ઉલટ તથા કાલજી બતાવી હતી કે જેઓમાં મરહુમ ડાકતર વીલસનબી હતા; વળી તેઓએ એના બનાવનારને એ બાબદમાં કાંઇકે મદદ કીધેલી પણ દીસેછે. એવાં દીકત કામમાં પેહેલ વેહેલુંજ પગલું હોવાને લીધે એ ગ્રંથ-

કરતાં ધાસતી રાખેછે જે એમાં ધણીએક ચુક દાખલ થઈ હશે. જે દેશી ગ્રહસ્થને હમોએ, એ કેતાબ દેખાડી હતી તેવન કેહેછે, કે એ કેતાબ દેઆનતદારીથી અને પાક દીલથી બનાવવામાં આવીછે, અને એક સાધનની ચોપડી તરીકે ગુજરાતી દેશમાં એને મેહેરબાની ભરેલો આવકાર મલવો ઘટેછે, કારણ કે તે, દેશમાં પ્રવીણ વીદ્યાર્થીઓને અને મુંબઈના જાહેર મકતબખાનાઓના નીશાલીઆઓને અને વળી તેમજ તે ઈલાકાના સાધારણ વાંચનારાઓને અને એ ધંધાના માણસોને એક અગત્યનો સહમજ આપનારો ભોમ્યો થઈ પડશે.

બોંબે રિવ્યુ એન્ડ ઈન્ડિયન એદવરતાઈસર—તા૦ ૨૮ મી જુન ૧૮૭૯.

આમ્મે એક કેતાબ હમુને એવી મલી છે કે જેને એક દીલથી આવકાર મલવાની ધણી અગત્ય છે; કારણ કે જો એ પઢેલા દસતુરજીએ કોઈ રીતે વીદ્યા હુનરની બાબદ એમાં બતાવવાનુ રાખ્યું હોય, તોપણ પેહેલવી ભાષા શીખનારાઓને એ કેતાબ ધણીજ કીમતી થયા વગર રેહેનાર નથી. એવીએક કેતાબ છપાઈને બાહાર પડવાથી અભ્યાશીઓને થતા ફાયદાનો વીચાર કરવા સારૂ ઈઆદ રાખવું જોઈએ; જે પેહેલવી ભાષા જોકે એની વડીલ જંદ ભાષાને ધણી ખરી એક મલતી રીતે લખવામાં આવે છે તોપણ અસલથી સંક્ષેપમાં લખાતી આવેલી રીતથી હાલ તરત એ ભાષાના ઘણાએક બોલોને ફકત એકજ આકારથી ઓલખવામાં આવે છે. એનો એક દાખલો એ કોષને પેહેલેજ પાને માલમ પડશે કે જ્યાં જંદનો આ શબ્દ પેહલવીમાં જંદના અ આ ઈ એ ખ અને હ તરીકે આપીઆ છે; અને વલી આગળ કેટલાંક પાનાપર જોઇએ છઈએ તો એજ શીકલથી ઓછામાં ઓછા પચીસ જુદા જુદા બોલો લખવામાં આવીઆ છે. થોડાંક વરસોની આગમજ તો એ ભાષાનું વાંચણુ અસલી રેવાજ માફક અને થોડાક અધુરા શબ્દ કોષની મદદથી ઉકલાવામાં આવતું હતું અને જો કે દાકતર વેસતે અને મરહુમ દાકતર મારતીન હાઉગે એવા કોષની બાબદમાં કેટલીક મેહનેત કીધી તોપણ કોઈબી રીતે એનુ પરીણામ મનમાનતું નીવડીઉ નહી કારણ જે દાકતર વેસતે પોતાની કેતાબ સંપુરણ કીધી નહીં અને દાકતર હાઉગ પોતાના કામની અધવચમાંજ મરણ પામીઓ. વલી એવી ફીકર રાખવામાં આવે છે જે પારસી કોમના મોબેદોમાં ધણો ખરો ભાગ અંગ્રેજી અને જરમન ભાષાના અભ્યાસપર ધેઆન થોડું આપે છે તેથી યુરોપીયન વીદ્યારથીઓએ રચેલાં કામો જે વર્ગને ખરેખર મદદના થવાં જોઈએ તેઓને તો તે ઘણાંજ થોડાં અથવા તદન નકામાં થઈ પડશે. વાસતે એ પઢેલા દસ્તુરજીએ એ પુર્વ દેશની ભાષાના વીદ્યાર્થીઓપર એક પુરેપુરી બખશેશ કીધી છે એટલુંજ નહીં પણ પોતાની કેતાબમાં બોલોના અર્થ અને ઉચ્ચાર ગુજરાતી ભાષામાં

આપીઆ છે. તેથી પોતાના કામને બેવડી કીમત અને ઉપયોગનુ કીધું છે અને એ પેહેલવી દીકરાનેરી પોતાની કોમને પુરેપુરી અગત્યની અને મદદની કીધી છે.

સાધારણ પેહેલવી કેતાબો કરતાં વધારે બોહોલાં વાંચણથી આએ કોષ રચવામાં આવ્યો છે એવું એ ખુદ કોષપરથી માલમ પડે છે અને એના રચનારને ઘણા એક કીમતી ખાનગી કેતાબખાનાની મદદ મલી છે. તેથી એક યુરોપીઅન વીદ્યાર્થી બોલ એકઠા કરી શકે તે કરતાં વધારે મોટી સંખીઆ આએ કોષમાં સમાવેલી છે. એટલું દલગીર થવાજોગ છે જે બોલોને જે કેતાબોપરથી ઉપજાવવામાં આવ્યા છે તેઓના સાધનો એ કોષમાં ચોકસ ઠેકાણેજ આપ્યાં છે, જો કે એના રચનાર આપણને જણાવે છે જે જે બોલોના અર્થ વીશે શક ભરેલું જણાયું છે તેજ બોલો જ્યાંથી મલીઆ છે તેના સાધનો જણાવીઆ છે. વીદ્યાર્થીઓને ખુલું માલમ હશે જે એથી વધારે બોલોના સાધનો એ કોષમાં આપીઆથી એ કેતાબ, જો કે મુખ્ય કરીને પારસીઓનાજ વપરાસનો જરૂર કરીને એક લોકપ્રીય અને સર્વોપયોગી ગ્રંથ છે, તોપણ એક વધારે બોહોલો ગ્રંથ એપરથી રચવાને એ એક કીમતી મુળ થઈ પડતે.

એ કેતાબના મુળ વીષયમાં એના બનાવનારે જે ઢપથી એ ગ્રંથ રચ્યો છે, તેનો ટુકખુલાસો કીધો છે; એ રીત ઘણીજ સારી છે. પેહેલવી બોલોને તેઓના ઉચ્ચાર વતરીગે તેઓના પેહેલા શબ્દોની શીકલ પ્રમાણે મુલાક્ષરના કાયદામુજબ ગોઠવીઆથી થતા ફાયદા વીશે વધારે કહેલું અશક્ય છે. ....દસતુર જામાસ્પજીની દીકરાનેરી દેશી અભ્યાશીઓને એક વખણાયેલો અને ભરૂશાદાર ભોમીયો છે, અને યુરોપીયન વીદ્યાર્થીને હવે પછી એક બીજો સંપુર્ણ પેહેલવી કોષ રચવામાં એ સઉથી મોટી કીમતનો થઈ પડશે.

વિદ્યામિત્ર—જુલાઈ ૧૮૭૯.

Great works are performed not by strength, but by perseverance
JOHNSON.

દસ્તુરજી સાહેબ જામાસ્પજીનાં પેહેલવી શબ્દ કોષનાં પેહેલા વાલમની ખબર લેતાં જોકે અમોએ સને ૧૮૭૭ નાં અકટોબર મહીનાનાં અંકમાં અમારા વિચાર લંબાંનથી જણાવ્યા હતા, તોપણ આ ઠેકાણે વલી તેજ બુજરગ પહરેજગાર તરફથી નીકલેલાં પુસ્તકનાં બીજાં વાલમની પોહોચ ઘણાં મોટા માન શાથ સ્વીકારતાં અમોને જણાવ્યા વગર ચાલતું નથીકે તે જોઈ અમોને ભારે હર્ષ પેદા થાયછે. એક દેશની ચાલુ ભાષામાં તે ભાષાનો શબ્દ કોષ રચવો એ કામ કેટલું ખીકટ છે તે એટલા ઉપરથી માલમ પડશે કે ડાકટર જાનસન જેવા સખશને પોતાની માતુશ્રી ભાષાનો શબ્દ કોષ રચવાને એક

દાયેકા કરતાં વધારે વર્ષ લાગાં હતાં; પણ એક નજદીક નાબુદ થયલી ભાષાનો શબ્દ કોષ રચવો, અને તેબી વલી તેનાં વ્યાકરણ વગેરે ઉતપત્તીઓ સાથ, એ કાંમ કાંઈ થોડું બીકટ નથી. આ કામમાં, અલબત, દસ્તુરજી જામાંસ્પજીને કેટલી બધી ધીરજ અને માથાદુ:ખ ખમવું પડયું હશે, તેનો વીચાર ઘણા થોડાઓનેજ આવશે. આ શબ્દ કોષ રચી આપણા દસ્તુરજી એક ગોયા નાશ પામેલી ભાષાને હસ્તીમાં લાવ્યાછે. ડાકતર જોનશાન, જેના મથાલે મુકેલા ઇંગરેજી બોલો ઉપરથીજ માલમ પડેછે કે એવું એક માહાભારતે અને બીકટ કાંમ કંઇ અંગ બલથી થઇ શકતું નથી પણ તેતો એક દીલથી તે કાંમની પાછલ લાગવાથી પાર પડેછે, તેમજ દસ્તુરજી સાહેબ જામાસ્પજીને આ કાંમ પાછલ ખંતીને લાગવા સારૂ કેટલી બધી ધીરજ અને વીચાર શકતી વાપરવી પડતી હશે? એટલુંજ કરીને આપણા દસ્તુરજી બેશી નથી રહયા, પણ આ ફરહંગ પરથી માલમ પડેછે કે તેનાવીએ તેને સંપુર્ણ બનાવાને તેનવીથી બની આવ્યું તેટલું કીધુંછે કેટલેક ઠેકાણે સંસ્કૃત શબ્દો જ્યાં મલી આવ્યા ત્યાં તેપણ ટાંકી બતાવાની કોશેશ તેનાવીએ કીધીછે. અમો હીમતથી કહીએ છે કે આપણા બુજરગ જામાસ્પજી જેને પેહેલવીમાં અહુએ-રદ કહેછે તે નક્કી ઠરી ચુકાછે, જે બોલનો અરથ દસ્તુરાંન દસ્તુર થાયછે, અને જે બોલ અમોએ આ બાબદને મથાલે લાગુ પાડવાને દરૂસ્ત વીચાર્યું છે.

હીંદુસ્થાનમાં વિદ્યા કેટલી મોઘી પડે છે, તે જે ઘરહસ્થો ચોપડીઓ બાહાર પાડે છે તેઓનેજ ખબર પડેછે. ઘણીબારીવાર હીંદુસ્થાનનાં દેશી વિદ્વાંનોને પોતાનાં પુસ્તકો અધુરાં મુકી નાશીપાસીથી હારી બેસવું પડેછે, તે તરફ વીચાર કરતાં અને આ પુસ્તક તરફ નજર ફેરવતાં અમોને વધારે સંતોષ એટલા માટે થાયછે કે આપણા દસ્તુરજી સાહેબે પોતે માથે લીધેલાં કામમાં તેવો ફતેહમંદ ઉતર્યા છે.

જરથોસ્તી ધર્મનાં ફરમાંનોનું મુલ તત્વ "સફાઇ" છે, તે સફાઈ ગોયા દસ્તુરજી સાહેબે પોતાનું પુસ્તક રચવામાં પણ વાપરી હોય એવું દેખાયછે. ફકત આએજ પુસ્તક નહી, પણ તેવોનાં બીજાં પુસ્તકો અને વાએજો વટીક જે અમોને જોવાને ઘણીવાર તક મલેલી છે તે સઘલાં છપાવાનો તેનાવીનો સવાદ ઘણો વખાણવા લાયક છે.

આજના પારસી વિદ્યાર્થીઓ જેઓ પોતાની બીજી ભાષાઓમાં તરેહવાર ભાષાઓ પસંદ કરેછે, તેઓને લાજેમ છે કે આ એક પુરાંણી ભાષા જે તેઓનાં વડવાઓએ ઇરાંન સરજમીન ઉપર એકવાર પોતાની માતુશ્રી ભાષા તરીકે વાપરી હતી, અને જેના નાદર નમુના અને લેખો હાલ પણ આપણને આ ફાની દુનિયામાં કેટલાક બેમુલ ધડા શીખવેછે, તેનો અભ્યાસ કરી આ ભાષાને એકવાર ફરીથી સજીવન કરવી યોગ્ય છે. એમ થવાથી તેઓ પોતાનાં પુરાતન અને ભારે બોજ આપવા લાયક પુસ્તકો, જેવાં કે

દાદસ્તાંન, નીરંગસ્તાંન, અને પેહેલવી રેવાયેતો વગેરે જે આજે ગોયા અંધારામાં પડેલાંછે તેઓ ઉપર પ્રકાશ નાંખવાને તેઓ શકતીવાંન થશે; દીનકરદ અને બુહુનદેશ જેવી નામીચી કેતાબોના તેઓ ધણી થશે; અને આ દુનીયાંના કેટલાક છુપા ભેદો આ ભાષાની મદદથી તેઓ જાંણતાં શીખશે.

અમોએ આ પુસ્તકનાં પેહેલા વાલમને માટે જે વીચારો જણાવ્યા હતા તે આ ઠેકાણે પણ એકવાર ફરીથી લાગુ પાડી અમો આપણા બુજરગ દસ્તુરજીને તેઓએ હાથ ધરેલાં એક બીકટ કામમાં ખરાં જીગરથી મુબારકબાદીસાથે ફતેહ ઈછીએ છે.

યજદાં પરસ્ત.

"પેહેલવી ફરહંગ"—દસતુરજી સાહેબ જામાસપજી મીનોચેરજી જામાસપ આસાનાએ બનાવેલી પેહેલવી ફરહંગનો બીજો ભાગ છપાઇ બાહેર પડયો છે, તેની એક નકલ અમોને મલીછે, જેની પોંહોંચ માન સાથ સ્વીકારીએછે. દસતુરજી સાહેબ જામાસપજીના આ પુસ્તકની ખુબી પર યુરપના નામીચા વીદ્વાનોએ જે મત જાહેર કરીયાં છે, તે આ બીજા ભાગમાં સઘલાં દાખલ કરવામાં આવીયાંછે, જે ઊપરથી માલમ પડેછે કે દસતુરજી સાહેબ જામાસપજીના આ કાંમને મોતેબર અને ઊત્તેજન આપવા લાયક ગણવાને એ વીદ્વાનો પછાત પડયા નથી. દસતુરજી સાહેબના આ બીજા ભાગ પર અમો જોગવાઈએ ધીઆન આપીશું.

"યજદાં પરસ્ત" ૩૧ મી આગસ્ત ૧૮૭૯.

પેહેલવી ફરહંગ, ભાગ બીજો—દસતુરજી સાહેબ જામાસપજી મીનોચેરજીએ બનાવા માંડેલી પેહેલવી ફરહંગનો બીજો ભાગ છપાઈ બાહેર પડયોછે. જેમ એ ફરહંગના પેહેલા ભાગપર સરવે તરફથી સારા વીચારો બાહર પડયા હતા, તેમ આ બીજા ભાગને પણ તેટલીજ રેહેમ નજરથી પુરવ ભાષાના અભ્યાસીઓ અંગીકાર કરશે એ ચોકસ છે. દસતુર સાહેબ જામાસપજીએ ઊઠાવેલું કાંમ કાંઈ નાહનું જેવું નથી. તે કાંઈ એકાદ રસાલો લખી કાહાડવાનું અથવા એકાદ વાઆજ લખવા જેટલું સેહેલું નથી. પણ તે ઊંડા અભ્યાસ, બોહોલી શોધ, અને ખરી દીલસોજીનું કાંમ છે, જે કાંમમાં એ દસતુર સાહેબ હમણા શુધી જે રીતે ફતેમદ ઊતરેલા દીશીયા છે તે રીતે જોતાં તેમને હાથ ધરેલું આ "પેહેલવી શબ્દ કોષ" નું કાંમ અછી રીતે સરનજામ ઊતરવાની આપણે આશા રાખીશું. પેહેલવી ફરહંગ આજ શુધી કોઇએ બાહેર પાડી નથી, જેથી દસતુર જામાસપજીનુ કાંમ નવું તેમજ માહાભારત છે. તેમના એ કામની ખરી કદરદાની પીછાનનારા જેમ આ દેશમાં તેમજ યુરોપમાં છે, એ જાણીને કેટલોક સંતોષ પેદા થાય.

છે. તેમના કાંમને યુરપના વીદ્વાનો જેવા કે પ્રોફેસર ઈ. ડબલ્યુ. વેસટ, જેમસ દારમેસતેતર, એફ. યુસતી, પ્રોફેસર વેસતરગારદ, અને ડાકટર મારટીન હાઉગ જેવાઓએ પસંદ રાખ્યુંછે, અને તેમાં તેઓએ એ દસતુર સાહેબને ફતેહ ઈછીછે. હંમેશાં હરેક નવું કાંમ તેની શરૂઆતમાં ખાંમી વગરનું તો હોવું નહીં જોઇયે. તેમાં કાંઇ નહી ને કાંઈ ખામી તો દેખાવીજ જોઇયે. અને તે પ્રમાણે જો કે દસતુરજી સાહેબના આ શબ્દ કોષમાં થોડી ઘણી ખાંમી રહેલી હોય, પણ તેટલા માટે તે કાંમ નાપસંદ તરીકે ગણવા લાયક અથવા દ્વેષભાવી ટીકાને પાત્ર ઠરતું નથી. તેપર ખાલિસ ટીકાઓ થવાથી અને ખરાં દીલથી તે માહેલી ખાંમીઓ બતાવી આપવાથી તે શુધારવાને એ દસતુર સાહેબ જેટલા મયન થશે તેટલાજ તેઓ એવા ખાલિસ ટીકા કરનારાઓના આભાર તલે જશે.

" જ્ઞાનવર્ધક " સપતેમબર ૧૮૭૯.

પોણાબે વરશની લાંબી મુદત વેર દોલા તનાવી મજકુર પેહલવી-ગુજરાતી અને ઇંગ્રેજી શબ્દકોષનું દફતર બીજું હાલ બાહેર પડયું છે, જેની એક નકલની પોંહચ અત્રે માન સાથે સ્વીકાર્યે છીએ. આ પુસ્તકના પેહલા ૩૨ સફાઓમાં જે મજકુર ફરહંગના પેહલા ભાગ ઉપર અપાયલાં મતો ઉતારી લીધાંછે, તેપરથી માલમ પડેછે કે એ કેતાબ અત્રેની તેમજ યુરોપ ખંડની ભણેલી પ્રજાને પસંદ પડતી થઈ છે. તથા યુરોપના નામીચા ઉગમણ તરફની ભાષા જાણનારાઓએ એની કદર બુજી સારો વખાણ કર્યા છે. આ કદર સનાસીથી આપણા જાણીતા દસ્તુરજી સાહેબ જામાસપજીને એવનની ભારે મેહનતનો જોકે પુરતો ને અવેજદાર બદલો મલ્યો નથી તોપણ એવને માથે ઉઠાવી લીધેલાં બોહલા ઉપયોગના આ કામમાં આ મીઠા સખુનોથી એવનને પોતાનો રસ્તો જોસભરી ઊલટથી કાપવાને બની આવસે. વલી હીંદુસ્થાનના ત્રણે ઇલાકાઓની નામદાર સરકારે આ પુસ્તક ખરીદી જે નાહનો આશરો આપણા ગ્રંથકર્તા દસ્તુરજીને આપ્યોછે, તે એક મુવેલી પણ કદીમ, નામીચી, પાદશાહ પેહલવાંનોની જબાંનને સજીવન કરવામાં મદદ કરવાની ખાહેશનો સરકારને જેબ દેનારો માત્ર નમુનો છે, જે ખાહેશ, આશા છે જે આપણી માયાલુ સરકાર, ઉત્તેજન આપી વધારવાને ચુકશે નહીં.

એજ્યુકેશન સોસાઈટીના મોથા પ્રેસના બીજાં કામો માફક આ વૉલમની છપાઇ સફાઈદાર તથા બાંધણી સારી છે. આ તકે હમો એક સુચના કરવાની રજા લીજીએ છીએ કે હવે પછી બાહેર પડતાં વૉલમની પીઠ પર, તેમાં જે બોલો સમાયલા છે તે કયા અક્ષરથી તે કયાં વેરછે, તે જણાવનારા અક્ષરો નાખવા, જેથી એને વપરાસમાં લેતાં અમસથાં વૉલમો ખોલવાની જરૂર પડે નહીં. સેવટે, આ લોકોપયોગી શુભ કામમાં દસ્તુરજી સાહેબ

જામાસ્પજીને પુર ફતેહ ઇચ્છતાં, તેને જહડપ સાથ ચોકસાઇથી સંપુર્ણ કરવાને હમો તેમને મજબુત ભલાંમણ કરીએ છીએ.

કાનતેમપરીરીવ્યુ.—અક્તોબર સને ૧૮૭૯ નો અંક.

દસતુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાનાએ રચેલી પેહેલવી દીકશનેરી કે જેના પેહેલા બે ભાગ હાલ બહાર પડીઆછે (લનડનઃ ત્રુબનર અને કુંપની, ૧૮૭૯) તેથી અસલ ઇરાની જબાનના અભીઆશીઓની એક ઘણી લાંબી મુદતની ગરજ પુરી પડીછે. "પેહેલવી" એ નામ અસલી ઇરાની ભાષાને અને ચોકસ કરીને સાસાની વંશના રાજાઓના વખતમાં જે ભાષા ચાલુ બોલીમાં વપરાતી હતી તેને આપવામાં આવ્યું છે. એ દીકશનેરી ભાષા શાસ્ત્રીઓને ઘણી અગતની છે, કારણ જે એમાં ઘણાએક સેમેતીક બોલોનો ભેલી કરવામાં આવ્યોછે અને તે બોલો હાલની ફારસી ભાષાના આરબી તત્વ ઊપરથી નહી પણ એક બીજીજ રીતે કાહાડવામાં આવ્યાછે, અને એસીરીઅન ભાષાને મલતાછે. .... દસતુર જામાસ્પજી "હુજવારેશ" એ બોલનો અર્થ "પારથીઅન ભાષા" એવો કહેછે, કે જે સુચના જો ખરી હોય તો એ ભાષાના અસલીઅત પર કાંઇક અજવાલું નાખેછે. "પેહેલવી" બોલના ધાતુ વીશે ઘણી એક તકરાર ચાલી રહીછે, પણ છેહેલો અને સઉથી વાજબી ગણવાજોગ અટકલો, દાકતર હોગનો છે, કે જેને મલતોજ વીચાર આએ ડીકશનેરીના બનાવનારનો બી છે, કે એ બોલ "પેરથ્વ" ઇઆને અસલી મોટા ગ્રંથકારોના લખ્યાણ મુજબ "પારથીઆ" પરથી નીકલેલોછે, કારણ કે જે મુજબ "પારસ"ના પરગણાપરથી હાલની ઇરાન દેશની ભાષાને પોતાનુ નામ મલેલું છે તેજ મુજબ એ સરવેથી બાહાદુર અને ભારદસ્ત પ્રજાએ પોતાનુ નામ એ ભાષાને આપ્યું હતું. એવી એક દીકશનેરી બનાવવામાં મોઠી અડચણ એ છે જે એ ભાષાના અસલ બોલો તથા લખ્યાણો મનમાનતી રીતે મેલી આવતા નથી, એટલુંજ નહી પણ એના પુરતા અક્ષરો ઘણાજ અસ્પષ્ટ અને ગુચવારા ભરેલાછે. એ ભાષાના ઉચ્ચારો ઘણી એક તરાંહથી થાએછે, કે જે ઉચ્ચારો એના સેમેતીક પરથી લીધેલા મુળાક્ષરો પરથી બરાબર નીકલી શકતા નથી. એટલા વાસતે એક શબ્દને વારે ઘડીએ જુદા જુદા ઉચ્ચારોને વાસતે વાપરવામાં આવેછે, અને તેમજ જુદા જુદા શબ્દોની મેળવણીથી વારેઘડીએ સાદા ઉચ્ચારો નીકલેછે. એથી કરીને એ દીકશનેરીની ગોઠવણ ઘણી અઘડી થઇ પડેછે, પણ એના બનાવનારે એકજ સાબેત ધોરણ પકડી છે તે એ જે બોલોને તેના ઉચ્ચાર પ્રમાણે નહી પણ તેના મુળાક્ષરો પ્રમાણે ગોઠવીઆછે. વળી એક કોઠો કે જેમાં શબ્દની જુદી જુદી જોડનીઓ સમજાવામાં આવીછે તેથી પણ બોલોનું સંધાન સેહેલથી બનેછે. એના બનાવનારે બોલોનું વાંચણ અને તેનાં અર્થ સઘલી બાબદોમાં પુર્વેથી

ચાલતી આવેલી રીત મુજબ આપી છે, અને તેઓના વીદ્યા શાસ્ત્રનાં નીયમ પ્રમાણે નીકળતઃ અર્થને શોધવાનું કામ યુરોપના વધારે પરીક્ષક વીદ્યાર્થીઓને સોપ્યુંછે.

જરમની દેશનાં અરલાનઝન શહેરની યુનિવરસીતીનાં પ્રોફેસર વિલહેમ ગએગરનાં એક કાગજ ઉપરથીઃ—

............દાકતર વેસ્ટ, દારમેસટેટર વગેરે જેઓ તમારા શબ્દ કોષને સઘલા પેહેલવી ભાષાના અભીઆશી થકી ઘણો કીમતી અને ફાયદા કારક સમજે છે તેઓના મતને હું તદન મલતો છું. જે બાબદને હું ખાસ પસંદ કરૂંછું તે તમોએ કીધેલી બોલોની ગોઠવણ છે અને તે એ છે જે જેમ દાકતર વેસ્ટે પોતાનો અરદાએ વીરાફનો કીમતી શબ્દ કોષ રચીઓ છે તેમજ તમોએ પણ બોલોને તેઓના ઉચ્ચાર પ્રમાણે નહી પણ તેઓની શીકલ પ્રમાણે ગોઠવીઆ છે. એથી કરીને તમારો પેહેલવી શબ્દ કોષ એક કીમતી અને અગત્યનો ગ્રંથ બનીઓછે. વલી આપણા કોબેલ વીદ્વાનોને જે ઉપાયો હજુર સુધી બેમાલમ હતા તેવા નવા ઉપાયો તથા મારગો તમોએ તેઓ હજુર ખુલ્લા કીધા છે, અને ચોકસ કરીને ધરમને લગતી ક્રિયાઓની રીતભાત સંબંધી ઘણીએક તકરારો તથા વીદ્વાનો તમોએ શાંત કીધાછે.

પ્યારા સાહેબ, તમોએ જે તમારી કીમતી કેતાબ મારી પર મોકલીછે તે વીશેનો મારી તરફનો ઘણો મોટો એહેશાન માન્ય કરજો. તમે નિશ્ચય જાણજો કે એ તમારી કેતાબ હું મારા અભ્યાસમાં હમેશાં વાપરૂંછું, અને એ બાબદમાં તમારી સાથે ઓલખાન થવાથી મને મોટું માન સમજુંછું. મારી ખાતરી છે જે પારસી અને યુરોપીઅન વીદ્વાનોના સાથે મલીને કામ કરવાથી તમારા ધરમ સંબંધી અને અસલી ઇરાનીઓના પવીત્ર દસ્તાવેજોની શોધ વધારે સંપુર્ણ થશે. તમારો નમનતાઇ ભરેલો સેવક.

દબલ્યુ. ગેએગર—(ડાકતર.)

એરલાનાઝન, તા० ૨૬ મી જાનેવારી ૧૮૮૦.

પેરીસવાલા ઈરાની ભાષાના પ્રોફેસર મો. જેમસ દારમેસતેતેરે સને ૧૮૮૦ ના મે મહીનાના "રેવુ ક્રીટીક" માં છપાવેલા પેહેલવી ડીકશનેરીના બીજા ભાગના રીવ્યુનો તરજુમોઃ—

દસતુર જામાસ્પજીએ હવે પોતાની પેહેલવી ડીકશનેરીનો બીજો ભાગ બાહાર પાડીઓછે. (પેહેલા ભાગનો રીવ્યુ ૧૫ મી સપતેંબર ૧૮૭૭ ના "રેવુ ક્રીટીક"માં જુવો.) આએ બીજા ભાગમાં એવણે આપણને અશ સુધી

બોલો આપ્યાછે. પેહેલા ભાગને વાસતે હમે જે વીચાર આગલ આપ્યા છે તેજ વીચાર આએ બીજા ભાગને વાસતે પણ પ્રગટ કરીએ છીએ. જ્યારે એ કામ પુરૂ થાશે ત્યારે પેહેલવી ભાષાના અભ્યાસીઓને અતીશય બોલોની સામગ્રી મલશે. પેહેલ વેહેલ તેઓને કદાચ સઘલું સેહેલાઇથી નહી મલશે, તોપણ આખરે એ કામ પુરૂ થવાથી તેઓને બોલોનો ઘણોજ મોટો જથ્થો મલી શકશે.

નરસા ભાયગે હમુને એવી ખબર મલીછે જે એ કામ પુરૂ થવું ઘણું અસંભવીત છે. એનો તીજો ભાગ છપાયછે પણ એ ભાગ છેહેલોજ બાહેર પડશે એવી ધાસતી રાખવામાં આવેછે. મુંબઇમાં હાલ વખત ઘણો કઠણ છે અને એ કેતાબના કેટલાએક આગમજથી નોધાયલા ખરીદદારો પોતાની કબુલાતથી પાછા ફરી જાયછે. અંગ્રેજ સરકારનો આસરો ઇઆ ઉઘરાણુ એનો ખરચ પુરો કરવાને પુરતાં નથી. હમે આશા રાખીએ છીએ જે "વંદીદાદ" માં જણાવેલાં ફરમાન મુજબ ચાલવાને અને જે રસીલી અને મહાભારત જરથોસતી ધરમની વીદ્યાનો હવાલો તેઓને સર છે તે વીદ્યાના લાભને ખાતર દસતુર જામાસ્પજીના સ્વદેશી ભાઇઓને એ બાબદમાં વધારે લાગની તથા કાલજી રેહેશે, કારણ જે એ કેતાબ ખરીદવાનું આગમજથી ભરાએલું ઉઘરાણું એ ખરૂં જોતાં તો એક જાતનો કોલ આપીઆ બરોબર ઇઆ ઇજારો લીધા બરોબર છે ([illegible]) અને એ કોલ ઘણો પવીત્ર છે. મુંબઇના ચાલાક અને ચંચલ લોક (જરથોશતીઓ) ને લાયક નથી જે પોતાનાં મુડદાર વીચારોથી પોતાના વડવાઓએ અર્પણ કીધેલો ખજાણો ખોહી દીએ. સારો ખજાણો તેઓની સનમુખ હોવાથી તેઓ દર વરસે થોડાક રૂપીઆ ખરચશે તો તેઓના પહેલા વડા ધરમ ગુરૂના આએ કામથી આખાં યુરોપમાં જરથોસતનું ભાષણ અને મજદના નેક કાયદાઓ વધારે સારી રીતિ સમજવામાં આવશે. સર જમશેદજી જીજીભાઇનું રવાન ગરોથમાનમાં એ વીશે શું કહેશે.

જેમ્સ દારમેસ્તેતર.

તારીખ ૧ લી જાનેવારી ૧૮૮૧ ના "બુલેતીનક્રિતીક" માં બેલજીઅમની લુવેનવાલી યુનીવરસીટીના દાકતર સી. ડી. હારલેએ પ્રગટ કીધેલો પેહેલવી ડીકશનેરીના રીવ્યુનો તરજુમોઃ—

.. અસલી ઇરાનીઓની અને ત્યાર પછીના જરથોશતીઓની ધરમ સંબંધી કેતાબો હજુર ઘણી અપ્રસીધ છે. પુર્વ દેશની વિદ્યામાં પેહેલવી ભાષાના એક સંપુર્ણ શબ્દ કોષની એક મુખ્ય ખુટ છે. એટલું તો ખરૂં છે જે કેટલાંએક ચોકસ મુળ પુસતકોની સમજણ સારૂ થોડીક ખાસ ફરહંગો

છપાઈ બાહેર પડીછે, પણ એ ભાષાનો એક પુરેપુરો કોષ હજુર સુધી રચવામાં આવ્યો નથી; અને તેથી કરીને જરથોશતીઓના એક ધર્મ ગુરૂ, કે જેવન ગુજરાત તરફના એક દસતુર છે, તેવણે એ બીકટ અને અગત્યનું કામ પોતાને માથે લીધાથી ઘણું ખાતરી પુર્વક અને સંતોષ ઉપજાવેછે.

એટલું તો ખુલ્લું છે જે યુરોપના વિદ્વાનોએ હિંદુસ્તાનના લોકોને તેઓની ધર્મ સંબંધી કેતાબો સમજવાને શીખવ્યું તેને કાંઈ લાંબી મુદત થઈ નથી. હિંદુસ્તાનના પારસીઓ આપણા મોટા શીક્ષકોથી કેલવઈને હવે પોતાની વારીએ તેઓ પેહેલ કાહાઢી વિદ્યાના આગેવાન થયા છે. પણ મુખ્ય કરીને ધર્મ સંબંધી વીચારોથી અને તેઓના મહજબને લગતાં અનુમતથી તેઓને એ બાબદમાં ઉસકેરની મલેછે, તેથી તેઓની ઉલટ વખાણવા લાએક છે. એટલા વાસતે દસતુર જામાસ્પજી મીનોચેહેરજીના આએ કામ તરફ તેની શરૂઆતથીજ ઘણી ઉલટ ભરી મમતા દેખાડવામાં આવી હતી. એ કોષના બનાવનારને અત્યારસુધી કેટલી મોટી અડચણો નડવા છતાં એના બે દફતરો બાહાર પડીઆં છે. અંતઃકરણથી આશા રાખીએ છીએ જે એવનનું કામ ફતેહમંદીથી પાર પડે.

